વાર્ષિક પરીક્ષા - 2019

ધોરણ-11- અર્થશાસ્ત્ર

Ans key

Date : 1

## વિભાગ-A (10) ગુણ

* યોગ્ય વિકલ્પ :-

(1) (b) રોબિન્સ (6) (c) 1935
(2) (b) રેલવે (7) (c) NNP
(3) (c) સંકોચન (8) (d) બજારભાવે
(4) (c) અસ્થિર (9) (b) ત્રણ
(5) (d) સરખી (10) (c) પુરાંતવાળું

## વિભાગ-B (10) ગુણ

* એક-બે વાક્યમાં જવાબ :-

જ-11 જરૂરિયાતોના સંતોષ માટે વસ્તુઓ કે સેવાઓ મેળવવા આવક પ્રાપ્તિ કે ખર્ચ કરવાની પ્રવૃત્તિ એટલે આર્થિક પ્રવૃત્તિ

જ-12 મૂલ્ય એટલે વસ્તુ કે સેવાનું અન્ય વસ્તુના પ્રમાણમાં વિનિમય મૂલ્ય.

જ-13 માંગની મૂલ્યસાપેક્ષતા એટલે કોઈપણ વસ્તુની કિંમત અને માંગ વચ્ચેનો પ્રમાણાત્મક સંબંધ

જ-14 ઉત્પાદનનાં સાધનોનો જે શ્રેષ્ઠ વિકલ્પ જતો કરવામાં આવે છે, તેને જ વૈકલ્પિક ખર્ચ કહે છે.

જ-15 જે વસ્તુઓ કે સેવાઓનાં ખરીદ-વેચાણ સમગ્ર રાષ્ટ્રમાં થતાં હોય તેવા બજારને રાષ્ટ્રીય બજાર કહે છે.

જ-16 ઇજારાયુક્ત હરીફાઈ એટલે બજારની એવી પરિસ્થિતિ જેમાં પૂર્ણ હરીફાઈ અને ઇજારો બંનેનું સહઅસ્તિત્વ જોવા મળે છે.

જ-17 ભારતમાં જાહેર બાંધકામ ખાતાની રચના વર્ષ 1855 માં થઈ.

જ-18 પેન્શન, બેકારી ભથ્થું, વિધવાઓને સહાય વગેરે જેવા હેરફેરના ખર્ચને બદલા-ચૂકવણીઓ કહે છે.

જ-19 જે અર્થતંત્રમાં સરકાર તેમજ વિદેશ વેપારની ભૂમિકા ઉપરાંત કુટુંબો અને ધંધાદારી પેઢીઓ સામેલ હોય તેને ખુલ્લું અર્થતંત્ર કહે છે.

જ-20 સામાજિક સેવાઓ અને આર્થિક સેવાઓ પાછળ થતા ખર્ચા વિકાસલક્ષી ખર્ચાઓ કહેવાય છે.

## વિભાગ-C દરેકના 2 ગુણ (16)

* સંક્ષિપ્તમાં જવાબ :-

જ-21 જે વસ્તુઓનો લાંબા ગાળા સુધી વપરાશ કરી શકાય છે, તેને ટકાઉ વસ્તુઓ કહે છે. કપડા, ટીવી ટકાઉ વસ્તુઓ છે.

અથવા

P.T.O

Date : 2

જ-21. જે વસ્તુ કે સેવાના પુરવઠા પર કોઈનો અંકુશ ન હોય અને જે વસ્તુ કે સેવા સૌને જ્યારે અને જેટલા પ્રમાણમાં જોઈએ ત્યારે મળી રહેતી હોય, તે વસ્તુઓ સર્વસુલભ વસ્તુઓ છે. જેમ કે હવા, પાણી, સૂર્યપ્રકાશ વગેરે

જ-22 ચોક્કસ સમય દરમિયાન કોઈ એક વ્યક્તિ (ગ્રાહક) કે કુટુંબ દ્વારા જુદીજુદી કિંમતે બજારમાં થતી વસ્તુની માંગને વ્યક્તિગત માંગ કહે છે.

જ-23 ઉત્પાદન - ચોક્કસ સમયે ઉપલબ્ધ સાધનો દ્વારા જેટલા પ્રમાણમાં વસ્તુઓ ઉત્પન્ન થાય છે, તેને ઉત્પાદન કહે છે.

પુરવઠો - ચોક્કસ સમયે અને કિંમતે ઉત્પાદનનો જેટલો ભાગ વેચવાની ઈચ્છા, શક્તિ અને તૈયારી દર્શાવે તેને પુરવઠો કહે છે.

જથ્થો - ચોક્કસ સમયે અને કિંમતે ઉત્પાદનનો જેટલો ભાગ વેચવાની તૈયારી હોય તથા વેચવાની તૈયારી ન હોય તેવા તમામ એકમોનું પ્રમાણ એટલે જથ્થો.

જ-24 વસ્તુની કિંમત અને વસ્તુના પુરવઠા વચ્ચે સીધો સંબંધ હોવાથી પુરવઠારેખાનો ઢાળ ધન છે.

- જેમજેમ વસ્તુની કિંમતમાં વધારો થાય છે તેમતેમ વસ્તુના પુરવઠામાં પણ વધારો થાય છે અને પુરવઠારેખા ડાબી બાજુથી જમણી બાજુ ઉપર તરફ ગતિ કરે છે. અર્થાત પુરવઠારેખાનો ઢાળ ધન છે.

જ-25 (1) એકોપયોગી સાધન - જે ઉત્પાદનનું કોઈ સાધન માત્ર એક જ ઉપયોગ ધરાવતું હોય તો તેનું વૈકલ્પિક ખર્ચ નક્કી કરી શકાતું નથી.

(2) વિશિષ્ટ ઉપયોગનાં સાધનો - જો ઉત્પાદનનાં સાધનો વિશિષ્ટ પ્રકારનાં હોય, તો તેનું વૈકલ્પિક ખર્ચ શોધી શકાતુ નથી.

અથવા

જ-25 લાંબા ગાળે ઉત્પાદનનાં બધા સાધનો પરિવર્તનશીલ હોય છે. પ્લાન્ટ, યંત્રસામગ્રી, કારખાનાનું મકાન વગેરેના પ્રમાણમાં વધારો-ઘટાડો કરી શકાય છે.

જ-26 ઈજારામાં વસ્તુનો ઉત્પાદક કે વેચનાર એક જ હોવાથી હરીફાઈનું તત્વ જોવા મળતુ નથી. પરિણામે ઉત્પાદક કે વેચનાર વસ્તુની કિંમત પર સંપૂર્ણ કાબૂ ધરાવે છે

જ-27 બ્રિટિશ શાસનના વહીવટ માટે ભારતે ચૂકવવો પડતો ખર્ચ 'હોમ ચાર્જિસ' અથવા ખરણાં તરીકે ઓળખાતો હતો.

જ-28 રાજ્યના અંકુશોવાળી આર્થિક નીતિઓ જ્યારે બજાર આધારિત, ખાનગી માલિકી અને નિર્ણયના સ્વાતંત્ર્યવાળી મુક્ત અર્થવ્યવસ્થામાં બદલવામાં આવે ત્યારે તે આર્થિક સુધારા તરીકે ઓળખાય છે. આર્થિક સુધારાના પાસાં :- (1) ઉદારીકરણ (2) ખાનગીકરણ (3) વૈશ્વિકીકરણ

P.T.O.

## વિભાગ-D  દરેકના 3 ગુણ  (24)

* **મુદ્દાસર જવાબ** -

જ-29 અર્થશાસ્ત્રમાં આર્થિક બાબતોની રજૂઆત અને તેના અભ્યાસમાં આંકડાકીય માહિતી મહત્વની બની રહે છે, તેના કારણો નીચે મુજબ છે
(1) આર્થિક સિદ્ધાંતની વિશ્વસનીયતા વધારવામાં (2) અર્થતંત્રની સ્થિતિ અને તેનાં વલણો જાણવા (3) તુલનાત્મક અભ્યાસ થઈ શકે છે (4) સંક્ષિપ્ત રજૂઆત માટે

જ-30 નિયોજક ઉત્પાદન-એકમ શરૂ કરે છે અને જમીન, શ્રમ અને મૂડી એ ત્રણ સાધનોનું એકત્રીકરણ અને સંચાલન કરીને ઉત્પાદન માટેનું વ્યવસ્થાતંત્ર ઊભું કરી ઉત્પાદનકાર્યનું સતત ધ્યાન રાખે છે.
-નિયોજક ઉત્પાદન-પ્રવૃત્તિના વિકાસ માટે સૂઝ અને સમજ દાખવી તેનુ કુશળતાપૂર્વક સંચાલન કરી, વધુમાં વધુ નફો મેળવવાનું આયોજન કરે છે. તેથી નિયોજક ઉત્પાદનનો નેતા કહેવાય છે.

જ-31 પુરવઠા વિધેય એટલે કોઈ એક વસ્તુના પુરવઠા પર અસર કરતાં વિવિધ પરિબળોની ગાણિતિક સ્વરૂપમાં રજૂઆત.
- પુરવઠા વિધેય - $S_x = f(P_x, T, P_s, P_e, U)$

| | |
|---|---|
| જ્યાં $S_x$ = x વસ્તુનો પુરવઠો | $P_s$ = અવેજી વસ્તુની કિંમત |
| f = વિધેયાત્મક સંબંધ | $P_e$ = ભવિષ્યની કિંમતો અંગેની અટકળો |
| $P_x$ = x વસ્તુની કિંમત | U = અન્ય પરિબળો |
| T = ટેક્નોલોજીની કક્ષા | |

જ-32 સમયના ટૂંકા ગાળામાં ઉત્પાદન વધે, ઘટે કે શૂન્ય થતાં જે ખર્ચમાં કોઈ ફેરફાર થતો ન હોય તેને સ્થિર ખર્ચ કહે છે.

| ઉત્પાદન (એકમો) | સ્થિર ખર્ચ (રૂ.માં) |
|---|---|
| 0 | 500 |
| 100 | 500 |
| 200 | 500 |
| 300 | 500 |




**અથવા**

જ-32 -આવક અને ખર્ચના ખ્યાલો પેઢીને ઉત્પાદિત વસ્તુની માંગ (જરૂરિયાત) નક્કી કરવામાં મદદરૂપ થાય છે. તેમજ પેઢીને મહત્તમ નફો મેળવવામાં માર્ગદર્શક બને છે.

P.T.O

Date : 4

- સીમાંત ખર્ચ મહત્તમ નફો સમજાવવા ઉપયોગી બને છે તેમજ પેઢીની વર્તણૂકને સમજવામાં મદદરૂપ બને છે.
- પેઢી કેટલા સાધનો રોકશે, કેટલી રોજગારી આપશે, કેટલું ઉત્પાદન કરશે, કેટલું રોકાણ કરશે તે અંગેના નિર્ણયોમાં આવક અને ખર્ચના ખ્યાલો મહત્વનો ફાળો આપે છે.
- વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ સંચાલકીય અર્થશાસ્ત્રમાં ઉપયોગી નીવડે છે.
- નાણાકીય ખર્ચના ખ્યાલો પેઢીના સંચાલનમાં દિશાસૂચક બને છે.

જ-33 અલ્પહસ્તક ઇજારામાં પેઢીઓની સંખ્યા ઓછી હોય છે અને કોઈ પેઢી વસ્તુની કિંમતના સંદર્ભમાં નિર્ણય કરવા તેમની હરીફ પેઢીઓ પર આધાર રાખે છે.
- જો કોઈ પેઢી વસ્તુની કિંમત વધારે, તો તેની માંગ ઘટશે અને હરીફ પેઢીઓ વસ્તુની કિંમત ઘટાડી વસ્તુની માંગ વધારાનો લાભ મેળવશે, પરંતુ હરીફ પેઢીઓ કિંમત વધારો કરતી નથી. તેથી અલ્પહસ્તક ઇજારામાં વસ્તુની કિંમત એક નિમ્ન સ્તરે ચુસ્ત બને છે, જેને કિંમત ચુસ્તતા તરીકે ઓળખાય છે.

જ-34 - આંતરરાષ્ટ્રીય સ્પર્ધા સામે ઘરઆંગણાના ઉદ્યોગોને રક્ષણ આપવા આયાતો પર અંકુશ રાખવાની જરૂરિયાત
- ઘરેલુ ઉદ્યોગોમાં ઉત્પાદન વધારવું અને ટેકનોલોજી, યંત્રો, પૂરક યંત્રો તથા સંશોધનની આયાતોનું પ્રમાણ નક્કી કરવું.
- વિદેશી હૂંડિયામણની બચત કરવા બિનજરૂરી ચીજવસ્તુની આયાત પર અંકુશ
- જરૂરી હૂંડિયામણ કમાવા માટે નિકાસોને પ્રોત્સાહન આપવું
- ઘરેલુ વસ્તુઓ ગુણવત્તામાં આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં ટકી શકે તે માટેની વ્યૂહરચના નક્કી કરવી
- નાના અને ગૃહઉદ્યોગોના ઉત્પાદન તથા વિકાસને પ્રોત્સાહન આપવું.

જ-35 (1) બેવડી ગણતરીની સમસ્યા (2) સ્વ-વપરાશની સમસ્યા
(3) ઘસારાની સમસ્યા (4) કર ટાળો અને કરચોરીની સમસ્યા
(5) ગેરકાયદેસર આવકની સમસ્યા (6) ચોખ્ખી વિદેશી આવકની સમસ્યા
(7) હિસાબની સમસ્યા

અથવા

જ-35 કોઈ એક વર્ષની રાષ્ટ્રીય આવકને તે વર્ષની વસતિ વડે ભાગતાં જે આવક મળે છે, તેને જે-તે વર્ષની માથાદીઠ આવક કહેવામાં આવે છે.

$$\text{માથાદીઠ આવક} = \frac{\text{કુલ રાષ્ટ્રીય આવક}}{\text{કુલ વસતિ}}$$

P.T.O

ABS

Date : 5

માથાદીઠ આવકનું મહત્વ -

- માથાદીઠ આવક એ વ્યક્તિદીઠ સરેરાશ આવક છે.
- માથાદીઠ આવક આર્થિક વિકાસનો એક માપદંડ છે.
- માથાદીઠ આવકથી દેશના નાગરિકોના જીવનધોરણનો અંદાજ પ્રાપ્ત થાય છે.
- બે દેશોની પ્રગતિની સરખામણી કરવામાં ઉપયોગ થાય છે.

જ-36 કૌટિલ્યના મતે જનપદની રચનામાં નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

- ઉદ્યોગોના વિકાસ માટે ખાણ, કારખાનાં, રસ્તાઓ, બંદર, આયાત-નિકાસની સુવિધાઓ ઊભી કરવી જોઈએ.
- ખેતીના વિકાસ માટે જળાશયો, વન અને પશુશાળાનું નિર્માણ કરવું જોઈએ.
- દેવાલય અને ધર્મશાળાનું નિર્માણ કરવું જોઈએ.
- આચાર્ય, પુરોહિત અને શ્રોત્રિયોને કરમુક્તિ આપવી જોઈએ.
- અસહાય અવસ્થામાં ખેડુતોને મદદ કરવી જોઈએ.

વિભાગ-E દરેકના 5 ગુણ (20)

* વિસ્તારથી જવાબ :-

જ-37 કોઈ એક ચોક્કસ સ્થળ, સમય અને કિંમતે ગ્રાહકની વસ્તુ ખરીદવાની ઈચ્છા, શક્તિ અને તૈયારી સાથે વસ્તુનો જે જથ્થો ખરીદાય તેને વસ્તુ માટેની માંગ કહેવામાં આવે છે.

- માંગને અસર કરતાં પરિબળો - (1) વસ્તુની કિંમત
(2) વસ્તુની કિંમત સિવાયના અન્ય પરિબળો :- (i) વ્યક્તિની અભિરુચિ અને પસંદગી
(ii) ગ્રાહકોની આવક (iii) અન્ય સંબંધિત વસ્તુઓની કિંમત
(iv) ભવિષ્યની કિંમતો અંગેની અટકળો (v) ગ્રાહકોની સંખ્યા (વસ્તીનું પ્રમાણ)

જ-38 સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી સરકાર સમક્ષ ભારતીય અર્થતંત્રને વિકાસની દિશામાં લઈ જવાનો પડકાર હતો. આ માટે આયોજિત આર્થિક વિકાસનો માર્ગ અપનાવવામાં આવ્યો હતો.

- ઈ.સ. 1951 થી અમલમાં મુકાયેલ આર્થિક વિકાસની યોજનાઓને લીધે ભારતીય અર્થતંત્રના જુદાંજુદાં ક્ષેત્રોમાં જે ફેરફારો સર્જાયા છે, તેના કેટલાંક અગત્યનાં પાસાં નીચે મુજબ છે.

(1) રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક (2) ખેતી (3) ઉદ્યોગો
(4) સેવાઓ (5) વસતિ (6) ગરીબી (7) બેકારી (8) માનવવિકાસ

જ-39 અંદાજપત્રમાં સૌપ્રથમ ખર્ચનું આયોજન કરી તે ખર્ચને પહોંચી વળવા માટે આવક મેળવવાના સાધન નક્કી કરવામાં આવે છે.

Date: 6

- આમ, "અંદાજપત્ર સરકારના આગામી વર્ષના મહેસૂલી અને મૂડી-ખર્ચ તેમજ તેની મહેસૂલી અને મૂડી-આવકોના અંદાજો રજૂ કરતી યોજના છે."

અંદાજપત્રના અર્થ પરથી તેનાં બે સ્વરૂપો સ્પષ્ટ થાય છે.

(1) મહેસૂલી ખાતું (2) મૂડી (રોકાણ) ખાતુ.

(1) મહેસૂલી ખાતું:- (i) મહેસૂલી આવક - (a) કર આવક (b) કર સિવાયની આવક

(ii) મહેસૂલી ખર્ચ :- (a) વપરાશી ખર્ચ (b) બદલા-ચુકવણીઓ

(2) મૂડી (રોકાણ) ખાતું:- (i) મૂડી-આવકો (ii) મૂડી-ખર્ચ.

અથવા

જ-39 અંદાજપત્રનો અર્થ - અંદાજપત્ર એટલે સરકાર દ્વારા આવનારા નાણાકીય વર્ષ માટે રજૂ કરવામાં આવનાર ખર્ચ અને આવકના અંદાજોનું હિસાબપત્રક.

અંદાજપત્રના ઉદ્દેશો -

(1) સભા-સમૂહોની મંજૂરી મેળવવી

(2) સંસાધનો અને જવાબદારીઓનો અંદાજ મેળવવા.

(3) સાધન-ફાળવણીને યોગ્ય દિશા આપવી (4) પ્રજાને જાણકારી આપવી

(5) આર્થિક આયોજન અને સરકારની નીતિઓ ઘડવા

જ-40 ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત- કોઈ એક વ્યક્તિને વારસામાં કે વેપાર-ઉદ્યોગ દ્વારા વિપુલ સંપત્તિની માલિકી મળી હોય, તો એ મિલકતની કાયદેસરની માલિકી ભલે એ વ્યક્તિની રહે, પરંતુ દેશના બાકી માણસોને સ્વમાનપૂર્વક જીવવા માટે જેટલું જરૂરી છે, તેટલું જ મેળવવાનો તે વ્યક્તિને અધિકાર છે. તે સિવાય બાકીની મિલકત હકીકતમાં સમાજની માલિકીની છે, જેનો ટ્રસ્ટી તે વ્યક્તિ હોય તે રીતે તેણે વર્તવું જોઈએ. તેનો ઉપયોગ અને વહીવટ એ વ્યક્તિએ (ટ્રસ્ટીએ) સમાજના કલ્યાણ માટે કરવો જોઈએ.

ટ્રસ્ટીશિપના સિદ્ધાંતના મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે છે.

(1) ધનિકોનું હૃદય પરિવર્તન (2) હકોને બદલે ફરજો (3) લોકમતની જાગૃતિ

(4) સમગ્ર સમાજનું હિત (5) ટ્રસ્ટીને વળતર (6) રાષ્ટ્રીયકરણનો વિરોધ

(7) વારસદારની નિમણૂક (8) રાજ્યનું નિયંત્રણ

અથવા

જ-40 પંડિત દીનદયાળ ઉપાધ્યાયના મુખ્ય આર્થિક વિચારો નીચે મુજબ છે.

(1) ત્રીજા વિકલ્પની શોધ (2) એકાત્મ માનવવાદ (3) સાધ્ય-સાધનનો વિવેક

(4) સંપત્તિની માલિકી (5) વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા (6) સંયમિત ઉપભોગ

(7) શ્રમપ્રધાન ઉત્પાદન-પદ્ધતિ.

---